ભિલોડામાં 'અર્બુદા રથ'નું ભવ્યાતિભવ્ય સ્વાગત કરાયું

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે માં અર્બુદા માતાજીના રથનું વાજતે-ગાજતે શ્રધ્ધાભેર સ્વાગત કારાયું હતું.અર્બુદા રથનું ભવ્યાતિભવ્ય સ્વાગત દરમિયાન યુવાનો,ભાઈઓ અને બહેનોએ સામૈયું કર્યું હતું. ડી.જે ના તાલે સંગીત ની શુરાવલી વચ્ચે વાજતે-ગાજતે અબીલ, ગુલાલની છોળો વચ્ચે શેરીએ - શેરીએ "અર્બુદા રથ" નું ભ્રમણ થયું હતું. સમાજના સેવાભાવી ભાવિક-ભક્તો મોટી સંખ્યામાં દર્શનાર્થે ઉમટ્યા હતા.દાનવીર દાતાઓ ધ્વારા દાનનો પ્રવાહ ઉમળકાભેર મળ્યો હતો.ભિલોડામાંથી અંદાજીત ૨૫ લાખનું માતબર દાન પ્રાપ્ત થયું છે. મંડળના પ્રમુખ જશુભાઈ પટેલ,અધ્યક્ષ કનુભાઈ પટેલ,પૂર્વ પ્રમુખ અને સંરક્ષક દામુભાઈ પટેલ,સંરક્ષક ડાહ્યાભાઈ પટેલ વડાલી,ઉપ પ્રમુખ વિનુભાઈ પટેલ (વાવ), ફલજીભાઈ પટેલ,મંડળના હોદ્દેદારો શ્રેષ્ઠીઓથી સમાજનો માહોલ અનેરો ઉભો થયો હતો. ભિલોડાના પ્રભુદાસભાઈ પટેલ, જશુભાઈ પટેલ, મુકેશભાઈ પટેલ,જગદિશભાઈ પટેલ,પિનાકીનભાઈ પટેલ, રાજેશભાઈ પટેલ,મનીષભાઈ પટેલ,મનોજભાઈ પટેલ, મહેશભાઈ પટેલ સહિત સામાજીક કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. માં અર્બુદા માતાજી નું ભવ્યાતિભવ્ય મંદિર,અધતન ટ્રેનિંગ સેન્ટર, વિશાળ લાઈબ્રેરી,કોમ્પ્યુટર રૂમ,ગેસ્ટ હાઉસ ભોજનાલય વિગેરે બનાવવા માટે સૌ-કોઈએ ભાર મૂક્યો હતો. અર્બુદા રથના સારથી અને કન્વીનર કેશુભાઈ પી.પટેલ (મોટા કોટડાવાળા) સતત અર્બુદા માતાજીના રથ સાથે રહીને ગામે - ગામ અર્બુદા રથના સારથી તરીકેની જવાબદારી નિભાવવા બદલ સમાજના સૌ - કોઈ આગેવાનોએ બિરદાવ્યા હતા.

૧૮૧ અભયમ ટીમ રાત્રે બે વાગે બાયડના ગ્રામ્ય વિસ્તારમાં પહોંચી

ઘર છોડી નીકળેલ મહિલાને સમજાવી પરીવારનો માળો વિખેરાતો બચાવ્યો

ઘરેલુ હિંસા સહિતની વિવિધ પ્રકારની હિંસાના કિસ્સા ડામવા અને તાત્કાલિક મહિલાઓને બચાવ અને સલાહ માર્ગદર્શન તથા મહિલાઓ,યુવતીઓની થતી રંજાડ સામે મદદ પુરી પાડવા ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન આશીર્વાદ રૂપ સાબિત થઈ રહી છે અનેક લોકોના ઘર સંસાર તૂટતાં બચાવ્યા છે અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રાત્રે બે વાગે કાઉન્સિલર ચેતના ચૌધરી અને તેમની ટીમે પહોંચી ઘર છોડી નીકળેલ મહિલાને અને તેના પરિવારને સમજાવી પ્રશ્નોનું નિરાકરણ કરી પરિવારનો માળો વિખેરાતો બચાવ્યો હતો. બાયડના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી એક મહિલાના લગ્ન જીવનના ૭ વર્ષ જેટલો સમય થવા છતાં દંપતી નિઃસંતાન રહેતા મહિલાને તેનો પતિ અને સાસુ સસરા માનસિક અને શારીરિક ત્રાસ આપતા અસહ્ય બનેલા ત્રાસના પગલે મહિલા મોડી રાત્રી આત્મહત્યા કરવા ઘર છોડી નીકળી ચુકી હતી રડતી ખેતરમાંથી પસાર થતી મહિલા પર એક દંપતિની નજર પડતા તેને મોડી રાત્રે નીકળવાનું કારણ પુછાતા દંપતી ચોંકી ઉઠ્યું હતું મહિલાને હૈયાધારણા આપી દંપતીએ ૧૮૧ અભયમ ટિમનો સંપર્ક કરતા ઘટનાની ગંભીરતા સમજી રાત્રે બે વાગે ઘટનાસ્થળે પહોંચી મહીલાનું કાઉન્સલીંગ કરવા છતાં મહિલા બસ મારે મરી જ જવું છે અને ઘરે પરત નથી જવું ની જીદ પકડી હતી. કાઉન્સિલર ચેતના ચૌધરીએ મહિલાને સંતાન પ્રાપ્તિ માટે પતિ-પત્ની બંને જવાબદાર હોવા અંગે સમજાવટ કરતા મહિલા તેની સાસરીમાં જવા માટે તૈયાર થતા મહિલાને તેની સાસરીમાં લઈ ગયા હતા મહિલાના પતિ અને સાસુ સસરાને કાયદાકીય ભાષામાં સમજાવતા હવે મહિલાને કોઈ પ્રકારનો ત્રાસ નહીં આપવામાં આવેનું પતિએ લેખિતમાં આપતા મહિલાની આંખો માંથી રાહતના અશ્રુ સરી પડ્યા હતા જીલ્લામાં વધુ એક વાર અભયમ ૧૮૧ ટીમ એક પરિવારનો માળો વિખેરાતો બચાવવામાં સફળ થઈ હતી.

અરવલ્લી : ખેડૂતોને નિયમિત અને પૂરતી વીજળીના સરકારના દાવા પોકળ,અપૂરતી અને અનિયમિત વીજળીથી પાક પર સંકટ...!!

ગુજરાતના ખેડૂતોને વીજ પુરવઠો પૂરતા પ્રમાણમાં અને નિયમીત આપવામાં આવતો હોવાનો દાવો સરકાર સતત કરી રહી છે બીજીબાજુ અરવલ્લી જીલ્લા સહીત ગુજરાતમાં ખેતી માટે વીજળી અનિયમિત અને પૂરતી ન મળતી હોવાની બૂમો છાસવારે ઉઠતી રહે છે સમયસર પાણી અને વીજળી ન મળતા ખેડૂતોને ખેતીમાં નુકશાન વેઠવાનો વારો આવતો હોય છે વીજળીના અભાવે પાક સમયસર પિયત ન થતા ઉત્પાદનમાં ભારે ફટકો પહોંચતો હોય છે અરવલ્લીના લીંભોઈ, બાયલ ઢાંખરોલ પંથકમાં અનિયમિત વીજળી થી ખેડૂતો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. અરવલ્લી જીલ્લામાં અનિયમિત અને અપૂરતી વીજળી થી ખેતરમાં લહેરાતો પાક મૂંઝાઈ રહ્યો હોય તેવી સ્થિતિ પેદા થઈ છે ખેડૂતોના જણાવ્યા અનુસાર ઈટાડી,લીંભોઈ અને બાયલ-ઢાંખરોલ પંથકમાં ખેડૂતોને સળંગ ૮ કલાક વીજળી નથી મળી રહી.જેના કારણે સિંચાઈ પુરતા પ્રમાણમાં નથી થઈ શકતી.ખેતરમાં પાણી વાળતા સમયે વીજળી જતી રહેતા તમામ પાક સુધી પાણી નથી પહોંચી શકતું.ક્યારેક વીજળી ૨ કલાક આપે તો ક્યારે એક કલાક તો ક્યારેક ૩ કલાક બાદ વીજળીમાં કાપ મૂકવામાં આવે છે.. જેના કારણે ખેડૂતોના પાકને સીધી અસર થાય છે.ખેડૂતોની માગ છે કે સળંગ ૮ કલાકથી ૧૦ કલાક સુધી વીજળી આપવામાં આવે. જેથી પાકને પુરતુ પાણી આપી શકાય નહીં તો ખેડૂતોને ખેતી માટે કરેલ ખર્ચ માથે પડે તો નવાઈ નહીં તેમ જણાવ્યું હતું

ખેરાલુ પાસે સુંઢિયા ગામ હાઈવે પર જય અંબે મિત્ર મંડળ સોલા રોડ દ્વારા અંબાજી જતા પદયાત્રીઓ માટે સેવા કેન્દ્ર છેલ્લા ચાર દિવસથી છાશ અને ફરસાણ- ચવાણું - પાણી,,- આરામ કરવાની જગ્યા વગેરે સેવાઓ પદયાત્રીઓને પૂરી પડાઈ રહી છે. સોલા રોડ જય અંબે મિત્ર મંડળ દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી ભાદરવા અંબાજીના મેળા અંગે પદયાત્રીઓની સેવાકીય પ્રવૃત્તિ ચાલી રહી હોવાનું સામાજિક કાર્યકર મનહરસિંહ વાઘેલા એક યાદીમાં જણાવ્યું છે.

માર્ગો ગુલાલથી રંગાયા : ભગ્ન હૃદયે ભક્તોએ વિઘ્નહર્તાને વિદાય

સાબરકાંઠા-અરવલ્લીમાં સઘન પોલીસ બંદોબસ્ત વચ્ચે શ્રીજીનું વિસર્જન

ડી.જે.ના તાલે ગણેશ ભક્તો ઝુમ્યા

બાયડ (બ્યૂરો ઓફિસ), તા.૦૯

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ગણેશ ચતુર્થીના શુભ મુહૂર્તમાં ઠેકઠેકાણે ગણેશ મહોત્સવનો આરંભ થયા પછી શુક્રવારે અનંત ચતુર્દશીના દિવસે વિઘ્નહર્તાને વિદાય આપવા માટે વિસર્જન યાત્રાઓ યોજાતાં માર્ગો ગુલાલથી રંગાયા હતા. બંન્ને જિલ્લામાં બાપા મોરીયા રે બાપા મોરીયા..અલગે સાલ જલ્દી આના..ના નારા સાથે ભગ્ન હૃદયે ભક્તોએ વિઘ્નહર્તાને પાણીમાં વિસર્જીત કર્યા ત્યારે વાતાવરણ ભાવસભર બની ગયું હતું. જિલ્લામાં ડી.જે.ના તાલે શ્રીજીની વિસર્જન યાત્રા યોજાતાં ગણેશ ભક્તો ઝૂમી ઉઠ્યા હતા. બંન્ને જિલ્લામાં વિસર્જન યાત્રાના કારણે સઘન બંદોબસ્ત ઉભો કરાતાં પર્વ શાંતિપૂર્વક સંપન્ન થયાનું જાણવા મળ્યું છે.

જિલ્લામાં ગત તા.૩૧ ઑગષ્ટના રોજ ગામે ગામ આસ્થાને ઉમંગ સાથે ગણેશ મહોત્સવનો આરંભ થયો હતો. ભાદરવી પુનમે અનેક શ્રદ્ધાળુઓ પગપાળા અંબાજી જતા હોવાથી ગણેશ સ્થાપનાના બીજા, ત્રીજા અને પાંચમા દિવસે ગણેશ વિસર્જનના કાર્યક્રમો યોજાઈ ગયા પછી તા.૯ના રોજ જિલ્લાભરમાંથી ભગવાન ગણેશને વિદાય આપવાના કાર્યક્રમો યોજાયા હતા. જિલ્લામાં ૧૦ દિવસ સુધી ગણેશ સ્થાપન સ્થળે દૂંદાળા દેવની આસ્થાપૂર્વક પૂજા, અર્ચના થયા પછી વિસર્જનના દિવસે ગુલાલની છોડો સાથે ભક્તોએ ધામધૂમથી યાત્રાઓ યોજી હતી. નદી તેમજ ચેકડેમમાં ગણેશ વિસર્જનના કાર્યક્રમો આયોજીત થતાં મોટી સંખ્યામાં ગણેશ ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લામાં સવારથી જ ડી.જે.ના તાલે શ્રીજીની વિસર્જન યાત્રાઓ નિકળતાં ભાવસભર દ્રશ્યો સર્જાયા હતા. ૧૦ દિવસ સુધી ગણપતિ સ્થળે દાદાની પૂજા તેમજ આરતી કરનાર કેટલાક ભક્તોની આંખમાં વિદાય ટાણે રીતસરનાં ઝરઝરીયાં આવી ગયાં હતાં. જિલ્લામાં ગણેશ વિસર્જન દરમ્યાન કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે પોલીસનો સઘન બંદોબસ્ત ગોઠવાતાં નિર્વિઘ્ને શ્રીજીનું વિસર્જન થયાનું જાણવા મળ્યું છે.

ચૈતન્યધામમાં શાશ્વત દશ લક્ષણ મહાપર્વ નિમિત્તે શ્રીજીની ભવ્ય શોભાયાત્રા

અમદાવાદ તા.૯

ક્ષમા વીરોનું આભૂષણ છે, વિરોની શોભા છે, ક્ષમા મહાવીરની સભ્યતા છે. સંયમની સાધના, સિદ્ધોની આરાધના અને નિજ આત્માની પ્રભાવના સારું અધ્યાત્મસાધના તીર્થ ચૈતન્યધામમાં દશ લક્ષણ મહાપર્વ મનાવવા દેશ વિદેશથી ૭૦૦ થી વધુ સાધર્મિઓ રૂબરૂ પધારી અને હજારો સાધાર્મિઓએ

ર્ઢદ્ધ અને યુ ટ્યૂબ પરથી જીવંત પ્રસારણમાં જોડાઈ આત્મસાધનામાં રત રહ્યાં. ચૈતન્યધામના મંત્રી પ્રતિકભાઈ શાહ અને સહમંત્રી શ્રી વસંતભાઈ શાહે બતાવ્યું કે સવારની માંગલિક બેલામાં પ્રક્ષાલ, નિત્ય નિયમ પૂજન પછી શ્રી વાસુપૂજ્ય ભગવાનનો મોક્ષ કલ્યાણક મહોત્સવ ચૈતન્ય વિધ્યાનિકેતનના વિદ્યાર્થીઓ અને હજારો સાધાર્મિઓએ સાથે મળીને મનાવ્યો. આ માંગલિક અવસર ની પૂર્વ બેલા પર રાત્રીએ સુંદર ઈન્દ્રસભાનુ વિશેષ આયોજન કરવામાં આવ્યું તેમાં સ્વર્ગલોકમાંથી દેવ-દેવીઓ પધારી તત્વચર્ચા ધ્વારા ભગવાન આત્માની વાત સમજાવી. આ.પં.શ્રી સુનિલજી-શિવપુરી અને આ.પં.શ્રી સચિનજી શાસ્ત્રી-ચૈતન્યધામે ધર્મસભાને સંબોધતા જણાવ્યું કે જીવ અજ્ઞાનને કારણે બધાને પોતાનું માને છે, પરંતુ આકિંચન ધર્મ એ શિક્ષા આપે છે કે જગતમાં પરમાણુ માત્ર પણ મારું નથી. ત્યારબાદ ભગવાન શ્રી આદિનાથને રથમાં બિરાજમાન કરી વિશાળ શોભાયાત્રા ચૈતન્યધામના પ્રાંગણમાં કાઢવામાં આવી, જેમાં આગળ બાળકો જીનશાસનની ધ્વજ લઈ ચાલી રહ્યાં હતાં અને તેના પછી શ્રી જી ના રથને ખેંચવાની જવાબદારી યુવાવર્ગે સંભાળી લીધી હતી. આગળ પુરુષો શ્વેત વસ્ત્રોમાં અને બહેનો પીળી સાડીમાં શોભાયાત્રામાં જોવા મળી. બહેનોએ જિનવાણીને મસ્તક પર રાખી આત્માનુભૂતિના આનંદનો અનુભવ કરતાં કરતાં મંગલ ગીત ગાઈ રહી હતી. શ્રી જી ને રથમાં બિરાજમાન કરવાનું સૌભાગ્ય અતીત દેવેન્દ્રભાઈ શાહને પ્રાપ્ત થયું .દશ લક્ષણ મહાપર્વની પૂર્ણાહુતિ પ્રસંગે બહારથી પધારેલ સર્વે સાધાર્મિઓનો ચૈતન્યધામના પ્રમુખ, મંત્રી અને સમસ્ત ટ્રસ્ટીગણે આભાર વ્યક્ત કર્યો અને ટ્રસ્ટ દ્વારા આયોજનમાં કોઈ ભૂલ થઈ હોય તો તે સારું દરેકને ઉત્તમ ક્ષમા. આ પ્રસંગે અજય શાહ, સ્નેહલત્તા પાપડીવાલ, વિમલાજી વેધ વિગેરે સાધાર્મિઓ ઉપસ્થિત રહ્યાં.

ઉંચુ વ્યાજ વસુલનારા ફાઈનાન્સરોને રોવાનો વારો

અરવલ્લી જિલ્લામાં પખવાડીયામાં ત્રણ વેપારી ગાયબ..!!: રૂ.પોણા બે કરોડનું ઉઠામણું થયાની આશંકા

બાયડ (બ્યૂરો ઓફિસ), તા.૦૯

વ્યાજખોરોની ચુંગાલમાં ફસાયેલા અરવલ્લી જિલ્લામાં છેલ્લા એક પખવાડીયામાં ત્રણ વેપારી ગાયબ થઈ જતાં સનસનાટી મચી ગઈ છે. ગાયબ થનારાઓએ કેમ દેવાળું ફુંક્યું..?? તે હજુ વિગતવાર બહાર આવ્યું નથી પરંતુ રૂા.પોણા બે કરોડનું ઉઠામણું થયાની આશંકા છે. ઉંચુ વ્યાજ વસુલનારા ડઝનથી વધુ ફાઈનાન્સરોને રોવાનો વારો આવ્યાનું બજારનો વર્તારો જણાવી રહ્યો છે. વ્યાજખોરોના ત્રાસથી સાબરકાંઠા, અરવલ્લીમાં એક વર્ષમાં ૩૦ થી વધુ જીંદગીઓ ભરખાઈ ગઈ છે. ગરજવાનને અક્કલ ન હોય તે રીતે કેટલાક વેપારીઓ મંદીના માહોલમાં રાતો રાત લખપતિ બનવા જુગાર-સટ્ટાના રવાડે ચડે છે અને પછી શરૂ થાય છે પતનની શરૂઆત. પોલીસ દ્વારા વ્યાજખોરો સામે સકંજો કસવા લોક દરબાર યોજવાનું સારૂ પગલું ભરાયું પરંતુ પોલીસને જરૂરી સહકાર મળતો નથી. જિલ્લામાં ૫ થી ૨૦ ટકા વ્યાજે પૈસા લેનારા વેપારીઓનો તેમજ આમ આદમીનો તોટો નથી જેનો કુલ ધંધો ૨૦ લાખનો નથી તેવા વેપારીને ઉંચુ વ્યાજ વસુલનારાઓએ વધારે વ્યાજની લાલચમાં રૂા.૫૦ થી ૮૦ લાખનું ધિરાણ કરે તો..?? શું પાછું મળે..?? સ્પષ્ટ ગણિત હોવા છતાં વ્યાજ ખોરો વધુ રૂપિયા કમાઈ લેવાની લ્હાયમાં ઉંચા વ્યાજે માતબર રકમ ધિરાણ કરી રહ્યા છે. છેવટે પરિણામ એ આવ્યું કે છેલ્લા પખવાડીયામાં ત્રણ વેપારીઓ ગાયબ થઈ ગયા છે. ગમે તે ઘડીએ હોની અનહોનીની આશંકા પ્રવર્તિ રહી છે. ફાઈનાન્સરોએ પણ ઉંચા વ્યાજે ધિરાણ લેનારાઓને ધિરાણ આપતા પહેલાં તેમના પરિવારજનોને વિશ્વાસમાં લેવા જોઈએ જેથી કોઈ અજુગતું પગલું ભરાય તો ક્યાંક પોતે ભરાઈ ન જાય.

દાંતા-રતનપુર જય જલિયાણ સેવા કેમ્પ પર અઢી લાખ પદયાત્રીકોએ ભોજનપ્રસાદનો લાભ લીધો

જીતુભાઈ વાઘાણીએ કેમ્પની મુલાકાત લઈ જયઘોષ કરી પદયાત્રીઓનો ઉત્સાહ વધાર્યો

ડીસા, ૯

અંબાજી ભાદરવી પૂનમનો મેળો અંતિમ



ચરણમાં છે ત્યારે દાંતા- રતનપુર ખાતે છેલ્લા ચાર દિવસથી ચાલી રહેલા જય જલિયાણ ફાઉન્ડેશન દ્વારા આયોજિત જય જલિયાણ સેવા કેમ્પમાં યાત્રીકોનો ઘસારો યથાવત જોવા મળ્યો હતો. ચાર દિવસમાં અંદાજિત ૨.૫૦ લાખ યાત્રિકોએ ભોજન પ્રસાદ તેમજ મેડિકલ સેવા ,આરામ સેવાનો લાભ લીધો હતો. શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણીએ કેમ્પની મુલાકાત લઈ બમ બમ ભોલેનો જયઘોષ કરી પદયાત્રીકોનો ઉત્સાહમાં વધારો કર્યો હતો તેમજ ભોજન પીરસ્યું હતું અને રસોડાની મુલાકાત લીધી હતી. સમગ્ર કેમ્પની કામગીરી નિહાળી આયોજકોને કેમ્પ કરવા બદલ ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા. જય જલિયાણ ફાઉન્ડેશન દ્વારા છેલ્લા ૧૫ વર્ષથી પદયાત્રીકોની સેવા અર્થે કેમ્પ શરૂ કરવામાં આવે છે. જેમાં મિષ્ટાન સાથે ભોજન પ્રસાદી, આરામની સુવિધા, મેડિકલ સુવિધા અને અન્ય સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. ૪૦ હજાર ફૂટ વિશાળ સામિયાણામા હજારો પદયાત્રીકોએ વિસામો મેળવ્યો હતો. આયોજક હિતેશભાઈ ઠક્કર અને દીપકભાઈ ઠક્કરે સેવા કેમ્પમાં સેવા આપનાર તમામ લોકોનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો અને માં અંબે સર્વેની મનોકામના પૂર્ણ કરે તેમ જણાવ્યું હતું. સેવા કેમ્પમાં રાત્રે લોકો ગરબાના તાલે ઝૂમી ઉઠ્યા હતા.

ભાદરવી મેળાની અસર : જિલ્લાના બજારોમાં ઘરાકી ઉપર ભારે અસર, વેપારીઓ નવરાધૂપ

શ્રાદ્ધ પક્ષ શરૂ થાય તે અગાઉ જ ધંધાના શ્રાદ્ધ શરૂ થયા જેવી વિકટ સ્થિતિ

બાયડ (બ્યૂરો ઓફિસ), તા.૦૯

પ્રવાસન ધામોના વિકાસથી સ્થાનિક રોજગારી વધે છે. જગવિખ્યાત અંબાજી ભાદરવી પુનમનો મહામેળો આજે સંપન્ન થશે. સાબરકાંઠા, અરવલ્લીના લાખોથી વધુ શ્રદ્ધાળુઓ માં અંબાના ધામ તરફ પગપાળા તેમજ વાહન મારફતે પ્રયાણ કરતાં જિલ્લાના બજારમાં ઘરાકી ઉપર ભારે અસર પડી છે. શ્રાદ્ધ પક્ષ શરૂ થાય તે અગાઉ જ ધંધાના શ્રાદ્ધ શરૂ થયા હોય તેવી વિકટ સ્થિતિ સામે આવી છે. વેપારીઓ નવરાધૂપ રહ્યા છે. પદયાત્રીઓ પગપાળા જે માર્ગેથી પસાર થયા તે વિસ્તારના ગામોમાં વેપારીઓને કદાચ બાંણી થઈ હશે પરંતુ અંતરીયાળ ગામોમાં વેપારીઓને બાંણી જ થઈ ન હોય તેવી સ્થિતિ સામે આવી છે.

એકંદરે ઉત્તર ગુજરાતમાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ચોમાસુ સારૂ રહ્યું છે છતાં છેલ્લા ૪ દિવસથી પરોઢે શીતવાયરા અને બપોર બાદ તાપમાનનો પારો ૩૪ થી ૩૫ ડીગ્રીને પાર કરી જતાં ચોમાસાના વિદાયના સંકેત સમજવા લાગ્યા છે. ચોમાસુ ભાદરવાના આરંભે જ વિદાય થઈ જાય તો ખરીફ ખેતીને મોટો ફટકો પડે તેમ છે. ગત વર્ષે ભાદરવામાં પણ અનરાધાર વરસાદ વરસ્યો હતો. આ વર્ષે ભાદરવો શરૂ થયાના ૧૧ દિવસ પછી પણ જિલ્લામાં ક્યાંય વરસાદનું ટીંપું વરસ્યું નથી. બપોર થતાં ભાદરવાના આંતરા..ચિતરાનો તાપ પ્રજાને ઉનાળા જેવી દેહદઝાડતી ગરમીનો અનુભવ કરાવી રહી છે. ઠંડક આપતાં ઉપકરણો સવાર-સાંજ ચાલુ રાખવાની નોબત આવી છે અને હવે બજારોમાં પણ મધ્યમ ચોમાસાની વ્યાપક અસર શરૂ થઈ ગઈ હોય તેમ ઘરાકી જ અદ્રશ્ય થયાના વલોપાત વેપારીઓ વ્યક્ત કરી રહ્યા છે. ભાદરવી પુનમના મેળામાં ગામે ગામથી સેંકડો સંખ્યામાં ભક્તજનો પગપાળા તો કેટલાક વાહન મારફતે ગયા છે જેના કારણે ગામડાઓ સૂમસામ જોવા મળી રહ્યા છે. ખાસ કરીને પુરૂષો મોટી સંખ્યામાં અંબાજીની પદયાત્રાએ ગયા હોવાથી બજારો સૂમસામ ભાસી રહ્યા છે.

શ્રાધ્ધ પક્ષની શરૂઆત : સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં આજથી શુભકાર્યો ઉપર બ્રેક વાગી

બાયડ (બ્યૂરો ઓફિસ), તા.૦૯

ભાદરવી પુનમથી શ્રાધ્ધપક્ષની શરૂઆત થઈ છે શ્રાધ્ધપક્ષ શરૂ થાય એટલે શુભકાર્યો ઉપર બ્રેક વાગી જાય છે જેના કારણે ઉત્તર ગુજરાતમાં જમીન લે–વેચ, વાહન ખરીદી, મકાન-દુકાન ખરીદી ઉપર ૧૫ દિન સુધી બ્રેક આવી જતાં સરકારની તિજોરી ઉપર મોટો ફટકો પડશે. ભાદરવો મહિનો શરૂ થાય એટલે ઉત્તર ગુજરાત ભાદરવી પુનમના આસ્થાસભર મેળાના રંગે રંગાઈ જાય છે ભાદરવી પુનમ સુધી અરવલ્લીની ગીરીકંદરાઓ જયજય અંબેના જય ઘોષથી ગુંજતી રહી હતી. ભાદરવી પુનમ પૂર્ણ થતાં મા અંબાનું ધામ અને માર્ગો સુમસામ બની ગયા છે. હવે શ્રાધ્ધપક્ષની શરૂઆત થઈ છે શ્રાધ્ધમાં પિતૃઓને તૃપ્ત કરી તેમના આશિર્વાદ મેળવવાની એક પરંપરા આધ્યાત્મિક રીતે વર્ષોથી ચાલતી આવી છે. સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં શ્રાધ્ધપક્ષ શરૂ થતાં દૂધના વેચાણમાં ત્રણ ગણો વધારો થશે.

મોડાસામાં ગણપતિ દાદાને ભાવ વિભોર વિદાય આપતા ભક્તો

મોડાસા, તા. ૯

સર્વ શુભ કર્યો ની શરૂઆત વિઘ્નહર્તા ગણેશ ભગવાન ની ભક્તિ અને આરાધના માટે વિશેષ મહત્વ ધરાવતા ગણેશ

મહોત્સવની દસ દિવસ સતત ભક્તિભાવ પૂર્વક ઉજવણી કરી શુક્રવારે અરવલ્લી જિલ્લામાં ઠેર-ઠેર અબીલ ગુલાલની છોળો,બેન્ડવાજા અને ડી.જે ના તાલે 'ગણપતિ બાપ્પા મોર્યા અગલે બરસ તું જલ્દી આના ના નાદ સાથે ભક્તિભાવ પૂર્વક વિર્સજન યાત્રા યોજી ગણપતિ દાદાનું વિસર્જન કરી ભાવ વિભોર વિદાય આપવામાં આવી હતી જિલ્લામાં વિસર્જન પર્વમાં કોઈ અનિચ્છનીય બનાવ ના બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો.

અરવલ્લી જિલ્લામાં અનંત ચૌદસે મોડાસા શહેર સહીત અન્ય શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં અનેક સ્થળોએ ગણેશચતુર્થીના પવન દિવસે વાજતે ગાજતે ગણપતિ દાદાની સ્થાપના કરવામાં આવી હતી. ગણેશચતુર્થીના દિવસે સ્થાપના થયા બાદ દસમા દિવસ સુધી સતત દુંદાળા દેવની પૂજા અર્ચના કરી શુક્રવારે ગણેશ મહોત્સવના સમાપનના ભાગરૂપે

ડી.જે,બેન્ડવાજા અને ભજન મંડળીઓ ના ગીત સંગીતના તાલે વાજતે ગાજતે વિશર્જન યાત્રા કાઢી નજીકમાં આવેલ જળાશયો,નદીઓ કે સરોવરમાં મુખ્યમથક મોડાસા શહેરમાં રામપાર્ક રાજા, મેઘરજ રોડ યુથ જંક્સન, રિદ્ધિ સિદ્ધિ મનોકામના યુવકમંડળ, સાંઈ ગ્રુપ ઓધારી યુવક મંડળ,કડીયાવાડા, ભોઈવાડા, સોનીવાડા યુવક મંડળ દ્વારા તેમજ નગરજનોએ ધંધા રોજગારના સ્થળોએ, રહેણાંક સોસાયટીઓ ના મેદાનમાં,તેમજ ઘરમાં સ્થાપના કરાયેલા શ્રીજી ભગવાન ની સત્તત દસ દિવસ સુધી પૂજા, અર્ચના,આરતી,ભજન કીર્તન વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો સ્પર્ધાઓનું આયોજન કરી ગણેશજીના ભક્તોએ, નગરજનોએ અને યુવક મંડળોએ ભક્તિમય વાતાવરણની આહલાદક અનુભૂતિ અનુભવી હતી ગણેશજી ભગવાને ભક્તોનું દસ દિવસ આતિથ્ય માણ્યાબાદ શુક્રવારે મોડાસા શહેરના મુખ્યમાર્ગો અને રહેણાંક વિસ્તારોમાં વિસ્તારોમાં ઢોલ નાગર તેમજ ડીજે ના તાલે વિસર્જનયાત્રા નીકળતા શહેરના મોટીસંખ્યામાં નગરજનોએ ગણપતિ બાપા મોરિયા અને અગલે બરસતુ જલ્દી આના બાપ્પા મોરિયા રે બાપ્પા મોરિયા રે તેમજ ગણપતિ બાપ્પા મોરિયા પડુચ્યા વરસી લાવકારય ના નાદથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.